કામ નંબર : ૫/અ

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૧ (પુણા) સુડા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૭ હેઠળ આવેલ વાંધાઓની વિચારણા કરી સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના ે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીને જરૂરી વિગતોસહ મંજુરી અર્થે સાદર કરેલ છે. જેની જાણ લેવા બાબત.

ઠરાવ નંબર : ૨૦૯૩/અ

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતો બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ. સુરત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૧ (પુણા) સુડા બનાવવાનો ઈરાદો તા.૮-૧-૯૯ ના રોજ જાહેર કરેલ. જે ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં તા.૨૫-૧-૯૯ ના રોજ ભાગ-૨ પાના નં.૧૯૯,૨૦૦ પર જરૂરી પ્રસિધ્ધી કરેલ. સદર નગર રચના યોજનાઓના રીકોન્સ્ટીટ્યુશન પ્લાનમાં દર્શાવેલ દરખાસ્તો સુડાની તા.૧૫-૬-૯૯ ની ૧૭૦ મી બોર્ડ બેઠકના ઠરાવનં.૨૦૪૯,૨૦૫૦ થી મંજુર કરવામાં આવેલ હતી. તથા ઉકત કાયદાની જોગવાઈઓ હેઠળ ઓનર્સ મીટીંગ યોજના માટે કલમ-૪૨ હેઠળ સદરહુ સ્કીમોની દરખાસ્તો ઉપર જમીનમાલિકો/હિતસંબંધ ધરાવનારા તરફથી વાંધાઓ આવકારવા વિદ્ધિત રીતે પ્રસિધ્ધ કરવાનુ નકકી થયેલ અને સદર યોજનાઓની દરખાસ્તોની સમજૂતી માટે સલાહ/સુચનો લેવા સ્કીમમાં સમાવેશ થતા જમીનમાલિકો/હિતસંબંધ ધરાવનારાઓના તા.૧૨-૧૦-૯૯ ની ઓનર્સ મીટીંગ, રાખવામાં આવેલ તથા જાહેર સ્થળોએ ચોંટાડવા માટે જુદી જુદી કચેરીઓને પણ જાણ કરેલ તથા દૈનિક વર્તમાનપત્રમાં પણ જાહેરાત આપેલ હતી. ઓનર્સ મીટીંગમાં હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તોની વિસ્તૃત સમજ આપવામાં આવેલ. ત્યારબાદ તેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારશ્રીના તા.૫-૧૧-૯૯ ના અસાધારણ રાજ્યપત્રમાં ભાગ-૨ પાના નં.૨૭૪ થી ૨૭૫ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ તથા તેની જાણ જાહેરજનતાને દૈનિક વર્તમાન પત્રોમાં પણ આપવામાં આવેલ અને સદર પ્રસિધ્ધિની તારીખથી એક મહિનાની સમયમર્યાદામાં આ યોજનાથી અસર પામતા શખ્સ તરફથી આ યોજનાઓ સંબંધે લેખિતમાં બે નકલમાં વાંધાઓ રજુ કરવા જણાવેલ. જે મુજબ સમયમર્યાદામાં ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૧૧ (પુણા) માં કુલ ૧૧ વાંધા અરજીઓ અત્રે મળેલ છે. જેની વિગતોનુ અલગ વિવરણ રીમાર્કસ સાથે બોર્ડ બેઠકમાં રજુ રાખતા ચર્ચા વિચારણાને અંતે અનુમતી આપેલ છે. તથા સમયમર્યાદાને લક્ષે લેતા

....૨/---

તા.૨-૩-૨૦૦૦ ના રોજ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૧૧ (પુણા) સુડા સરકારશ્રીમાં કાયદાની કલમ-૪૮(૧) હેઠળ ડ્રાફ્ટ મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ છે. જેની જાણ લેવામાં આવેલ છે. તથા આગળની કાયદાકીય કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

( અમલ ( ટેકનીકલ શાખા )